## વાહન ચોરીના ગુનાઓમાં નાસ્તો ફરતો આરોપીને પકડી પાડતી, સુરત શહેર વરાછા પોલીસ.

સુરત શહેરના વરાછા પો.સ્ટે. વિસ્તારમાંઅ પડત ગુનાઓ શોધી કાઢવા સારૂ પો.સ.ઈ.શ્રી એ.કે.દેસાઇ તથા બીજા પોલીસ માણસો સાથે પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન સાથેના અ.હે.કો. ચેતનભાઇ રમણલાલ બ.નં.૧૫૮ તથા અ.પો.કો. વલકુભાઇ નનકાભાઇ બ.નં.૩૫૨ નાઓને બાતમીદાર મારફતે હકીકત મળેલ કે, “વરાછા પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૨૬૧/૨૦૧૮ ઈ.પી.કો. કલમ ૩૭૯ મુજબના કામનો નાસ્તો ફરતો આરોપી નામે નરેશભાઇ મનજીભાઇ નાકરાણી રહે.ઉંચડીગામ તા.તળાજા, જી.ભાવનગર નાનો હાલમાં હિરાબાગ વિઠ્ઠલનગરના નાકા પાસે ઉભેલ છે. જેને શરીરે કાળા કલરનો શર્ટ તથા કાળા કલરનુ પેન્ટ પહેરેલ છે. સદર બાતમી હકીકત વાળી જગ્યા હિરાબાગ વિઠ્ઠલનગરના નાકા પાસે પહોંચતા ઉપરોકત વર્ણનવાળો ઇસમ ઉભેલ હોય તેને સાથેના માણસોએ પકડી પાડી નામઠામ પુછતા તેને પોતાનું નામ નરેશભાઇ મનજીભાઇ નાકરાણી ઉ.વ.૨૧ મુળરહે.ઉંચડીગામ તા.તળાજા, જી.ભાવનગર નાનો હોવાનું જણાવેલ જેને સદર ગુના સબંધે પુછપરછ કરતા આજથી દોઢેક વર્ષ પહેલા વરાછા સુપર ડાયમંડની બાજુમાં જનતા આઇસ્કીમની સામે રોડ ઉપરથી એક મો.સા.ની ચોરી કરેલ હોય જે મો.સા. પોતાના વતન ખાતે લઇ ગયેલ અને મો.સા. સાથે દાઠા પોલીસ સ્ટેશનમાં પકડાઇ ગયેલ હતો અને જામીન ઉપર છુટી ગયેલ અને મો.સા. સુરત ખાતેથી ચોરી કરેલ હોય જેથી પોલીસથી બચવા સારૂ નાસ્તો ફરતો હોવાની કબુતાલ કરેલ તેને પો.સ્ટે. લાવી વધુ પુછપરછ કરતા સદર ચોરી સિવાય કાપોદ્રા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથીપણ એક બુલેટની ચોરી કરેલ હોવાની કબુલાત કરતો હોય જેથી કાપોદ્રા પોલીસ સ્ટેશનમાં ખાત્રી કરતા કાપોદ્રા પો.સ્ટે.માં બુલેટ ચોરી થવા બાબતે ફસ્ટ ગુ.ર.નં. ૧૬૪/૨૦૧૭ઈ.પી.કો. કલમ ૩૭૯ મુજબનો ગુનો નોંધાયેલ છે. જેથી સદર આરોપીને વરાછા પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૨૬૧/૨૦૧૮ ઈ.પી.કો. કલમ ૩૭૯ મુજબના ગુનાના કામે અટક કરી બન્ને ગુન્હાઓનો ભેદ ઉકેલી પ્રસંશનીય કામનગીરીકરવામાંઆવેલ છે.

<u>શોધી કાઢેલ ગુના :-</u> (૧) વરાછા પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં.૨૬૧/૨૦૧૮ ઈ.પી.કો. કલમ ૩૭૯ મુજબ (૨) કાપોદ્રા પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં.૧૬૪/૨૦૧૭ઈ.પી.કો. કલમ ૩૭૯ મુજબ.